અપીલ અરજી નં.૧૦૫ તા.૫–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૪–૧૧ની અરજીથી સુ.મ.ન.પા ના એપ્રુવલ આર્કીટેકટ શ્રી દેવેન્દ્રભાઈ રંગરેજ તેમજ શ્રી વિજય પાસવાલા એ છેલ્લા ૧૦ વર્ષમાં સુ.મ.ન.પા. ના સાતેય ઝોનના શહેર વિકાસ વિભાગ પાસે રહેઠાણ માટે કુલ્લે કેટલા પ્લાન મંજુર કરાવ્યા તેમજ ઔદ્યોગિક બાંધકામ માટે કુલ્લે કેટલા પ્લાન મંજુર કરાવ્યા તેમજ હાઈરાઈઝ બિલ્ડીંગ બાંધકામ કરવા માટે કુલ્લે કેટલા પ્લાન મંજુર કરાવ્યા તેની સંખ્યા તેમજ સુ.મ.ન.પા તરફથી મંજુર કરેલ પ્લાનોના બાંધકામ પતી ગયા બાદ બન્ને આર્કીટેકે કેટલી મિલ્કતોના સુ.મ.ન.પા પાસે વસવાટની પરવાનગી (બી.યુ.સી.) લેવામાં આવ્યા તેની સંખ્યા અને કુલ્લે મંજુર કેટલા પ્લાનોના બાંધકામ પતી ગયા બાદ બન્ને આર્કીટેકે સુ.મ.ન.પા પાસે વસવાટની પરવાનગી (બી.યુ.સી.) લેવામાં ન આવ્યા તો સુ.મ.ન.પા.એ આ બન્ને આર્કીટેકટ પર શું કાર્યવાહી કરી તેની રેકોડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૫–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૫/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૮–૪–૧૧ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતિ અધિકારી વરાછાઝોન તેમજ અઠવા ઝોન તરફથી માહિતિ મળેલ ન હોવાનું તથા મળેલ માહિતિ અધુરી તેમજ ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૪ તા.૧૦–૬–૧૧ થી ઉપરોકત પક્ષકારમાં નિર્દિષ્ટ તમામ જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૯ તા.૧૫–૬–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૯૦ તા.૧૯–૪–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર રાંદેર,અઠવા,વરાછા, કતારગામ, ઉધના, લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૨ તા.૧૭–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. વરાછાઝોન તરફથી જાહેર માહિતી અધિકારીને બદલે સંકલનના નામથી જાવક નંબર તારીખ વિનાના પત્રથી મળેલ તા.૨૦–૬–૧૧ના રોજ પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ પત્રની નકલ, અરજદારને સમય અવધિ બાદ આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧ તા.૨–૬–૧૧ ના પત્રની નકલ તથા પત્રક, તથા આર્કીટેકટ દેવેન્દ્ર રંગરેજના તારીખ વિનાના તેઓ કક્ષાએ તા.૧૮–૫–૧૧ ના રોજ મળેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૯૩ તા.૨૪–૬–૧૦ ની તારીખ જણાવેલ અને ૨૪–૪–૧૧ ના રોજ મળેલ પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૯૦ તા.૧૩–૫–૧૧ ના પત્રની નકલ, તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૫ તા.૧–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૨ તા.૧૬–૫–૧૧ ના પત્રની નકલ, તબદીલ પત્રની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૩૩ તા.૮–૭–૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તેમજ તમામઝોનને તબદીલ કર્યા અંગેના તા.૧૯–૪–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૮૮ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. મ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૬૧૨ તા.૧૬–૬–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ,

સેન્ટ્રલઝોનનો તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, દેવેન્દ્ર રંગરેજનો તમને મળેલ તા.૪–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/ આ.નં.૯૯૨ તા.૧૭–૫–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત તથા આપેલ માહિતીનું પત્રક અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૯૮૦ તા.૨૭–૬–૧૧ થી પૂરક વિગતોમાં ફી ભર્યાની વિગત, તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૫૫૧ તા.૧૭–૫–૧૧ ના નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર ,નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૪૫ તા.૧૪–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૦ તા.૧૯–૪–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૩૪ તા.૧૪–૭–૧૧ ના પત્રની નકલ તથા આર્કી. શ્રી દેવેન્દ્ર શ્રી રંગરેજનો તા.૪–૫–૧૧ ના રોજ વાંધા દર્શાવતા પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૯૦ તા.૧૯–૪–૧૧ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર રાંદેર,અઠવા,વરાછા, કતારગામ, ઉધના, લીંબાયતઝોનને તબદીલ કરેલ છે. જેના અનુસંધાને વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૬૨ તા.૧૭–૫–૧૧ થી "સુરત મહાનગપાલિકાના એપ્રુવડ આર્કી. શ્રી /એન્જી. શ્રી દેવેન્દ્રભાઈ રંગરેજ તેમજ શ્રી વિજય પાસવાલાએ છેલ્લા ૧૦ વર્ષમાં પશ્ચિમઝોન (રાંદેર) કચેરીમાંથી રહેઠાણ માટે કુલ –૦૫ પ્લાન મંજુર કરાવેલ છે તેમજ ઓદ્યૌગિક બાંધકામ તથા હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામ કરવા માટે કોઈ પ્લાન મંજુર કરાવેલ નથી. તેમજ સુરત મહાનગપાલિકા તરફથી મંજુર કરેલ પ્લોનોના બાંધકામ પતી ગયા બાદ બંને આર્કી. તરફથી કુલ–૦૨ મિલ્કતોની સુમનપા પાસે વસવાટની પરવાનગી (બીયુસી) લેવામાં આવેલ છે અને કુલ્લે મંજુર પ્લાનોના બાંધકામ પતી ગયા બાદ બંને આર્કી. તરફથી કુલ–૦૪ મિલ્કતોની સુમનપા પાસે વસવાટની પરવાનગી (બીયુસી) લેવામાં આવેલ નથી. જે બદલ આ બંને આર્કી. પર કરવામાં આવેલ કાર્યવાહીની વિગત રાંદેરઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧ તા.૨–૬–૧૧ થી આર્કીટેકટ વિજયભાઈ પાસવાલા છેલ્લા ૧૦ વર્ષમાં વરાછાખાતે મંજુર કરાવેલ પ્લાન તેમજ બીયુસી મેળવેલ છે. (૧) ઈન્ડ. પ્લાન મંજુરની સંખ્યા–૧૦ (૨) ઈન્ડ. પ્લાન મંજુરીની બીયુસીની સંખ્યા–૧ (૩) રેસીડન્ટ પ્લાન મંજુર સંખ્યા–૦૦ (૪) રેસીડન્ટ પ્લાન મંજુરીની બીયુસીની સંખ્યા–૦૦ તથા આર્કી. શ્રી દેવેન્દ્રભાઈ રંગરેજના છેલ્લા ૧૦ વર્ષમાં વરાછા ખાતે મંજુર કરાવેલ પ્લાન તેમજ બીયુસી મેળવેલ છે. (૧) ઈન્ડ. પ્લાન મંજુરની સંખ્યા–૦૦ (૨) ઈન્ડ. પ્લાન મંજુર બીયુસીની સંખ્યા–૦૦ (૩) રેસીડન્ટ પ્લાન મંજુરની સંખ્યા–૨ (૪) રેસી. પ્લાન મંજુરની બીયુસીની સંખ્યા–૦૧. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૯૦ તા.૧૩–૫–૧૧ થી " સુરત મહાનગપાલિકાના એપ્રુવ્ડ આર્કી. શ્રી દેવેન્દ્ર રંગરેજ તેમજ વિજયભાઈ પાસવાલા પૈકી શ્રી વિજયભાઈ પાસવાલાએ ઉધનાઝોનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ રહેઠાણ માટેનો એક પ્લાન મંજુર કરાવેલ છે તેમજ બીયુસી અંગેની વિગત ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તે અંગે માહિતી આપી શકાય એમ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૮ તા.૭–૫–૧૧ થી " ઉપલબ્ધ રેકર્ડ જોતાં સુરત મહાનગપાલિકાના એપ્રુવ્ડ આર્કી.શ્રી દેવેન્દ્ર રંગરેજ તેમજ શ્રી વિજય પાસવાલાએ છેલ્લા ૧૦ વર્ષમાં સેન્ટ્રલઝોન ધ્વારા રહેઠાણના હેતુ માટે અનુક્રમે ૩૨ અને ૪૩ પ્લાન પાસ કરાવેલ છે. જયારે ઔદ્યૌગિક હેતુ માટે "૦" પ્લાન પાસ કરેલ છે. જયારે વસવાટની પરવાનગી અનુક્રમે ૫ અને ૧૦ લેવામાં આવેલ છે. તથા મંજુર કરેલ પ્લાનોના બાંધકામ પતી ગયા બાદ બંને એન્જીનીયરે સુરત મહાનગરપાલિકા પાસે વસવાટની પરવાનગી લેવામાં આવી ન હોય તો સુરત મહાનગપાલિકાએ આ બંને એન્જી. પર ઉપલબ્ધ રેકર્ડ જોતાં કોઈ કાર્યવાહી કર્યાની વિગતો રેકર્ડ પર નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નોર્થઝોન/આ.નં.૯૯૨ તા.૧૭–૫–૧૧ થી " સુરત મહાનગપાલિકાના એપ્રવ્ડ આર્કી. શ્રી વિજયભાઈ પાસવાલા ધ્વારા કતારગામઝોન ધ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં રહેઠાણ માટે–૧ અને ઔધોગિક હેતુ માટે–૦૨ પ્લાન મંજુર કરાવેલ છે. ઉપરોકત આર્કીટેકટ ધ્વારા બાંધકામ પૂર્ણ થયેથી ઔધોગિક હેતુ માટે–૦૨ મિલ્કતમાં વસવાટની પરવાનગી આપવામાં આવેલ છે અને રહેઠાણવાળી એક મિલ્કતમાં પ્લાન મંજુર કરાવ્યા બાદ કોઈ પણ જાતનું બાંધકામ કરવામાં આવેલ નથી. આર્કી.શ્રી દેવેન્દ્ર રંગરેજ ધ્વારા કતારગામઝોનમાં છેલ્લા ૧૦ વર્ષમાં રહેઠાણ માટે–૦૨ ઐદ્યૌગિક હેતુ માટે –૦૧ પ્લાન મંજુર કરાવેલ છે. ઉપરોકત ત્રણેય મિલ્કતો પૈકી કતારગામકચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વસવાટની પરવાનગી આપવામાં આવેલ જણાતી નથી અને આર્કી. સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ જણાતી નથી. તેવી માહિતી આપેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/૫૫૧ તા.૧૭–૫–૧૧થી લીંબાયતઝોન વિસ્તારમાંથી શહેર વિકાસ વિભાગ ખાતેના આર્કી.શ્રી દવેન્દ્રભાઈ રંગરેજ તથા વિજયભાઈ પાસવાલા તરફથી છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ પ્લાન મંજુર કરવામાં આવેલ નથી. તેમજ બીયુસી લેવામાં આવેલ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૩૪ તા.૧૪–૭–૧૧ થી " અરજદારને અઠવાઝોનના ઉપલબ્ધ રેડર્ક ચકાસતાં આર્કી. શ્રી દેવેન્દ્ર રંગરેજ ધ્વારા રજૂ થયેલ ચાર પ્લાન મંજુર કરવામાં આવેલ છે જે પૈકી કોઈ પણ મિલ્કતોનું બીયુસી મેળવવામાં આવેલ નથી. વધુમાં આર્કી. શ્રી વિજય પાસવાલા ધ્વારા મંજુર થયેલ ત્રણ પ્લાનો મંજુર કરવામાં

આવેલ છે જે પૈકી કોઈ પણ મિલ્કતોનું બીયુસી મેળવવામાં આવેલ નથી. તેમજ તે અન્વયે કોઈ પગલા લેવામાં આવેલ હોવાની માહિતી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેમજ મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/પર તા.૧૬–૫–૧૧ થી " મધ્યસ્થ શહેર ખાતે મંજુર થયેલ પ્લાનો અંગે વર્ષ અનુસાર નોંધણી કરવામાં આવે છે તમારા ધ્વારા માંગેલ માહિતી રેકર્ડ/માહિતી સ્વરૂપે ઉપલબ્ધ નથી. વધુમાં ઉકત માહિતી અંગે મધ્યસ્થ શહેર વિકાસમાં ઉપલબ્ધ પ્લાન મંજુરીની સહિતની વિગતોનો રેકર્ડ રૂબરૂમાં ચકાસવા અગાઉથી તારીખ અને સમય મેળવી જાહેર રજાઓ સિવાય ઓફિસ સમય દરમ્યાન રેકર્ડ નિરીક્ષણ કરી જવા જણાવેલ છે. જેમાં આરટીઆઈ એકટના નિયમો મુજબ ફી ભરપાઈ કરવાની રહેશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૫–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના આધાર તરીકે (૧) મે જે માહિતી માંગેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે અધૂરી તેમજ ગેરમાર્ગે દોરાવનાર માહિતી આપવામાં આવેલ છે તેમજ માહિતી છુપાવવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં નારાજગી કયા જાહેર માહિતી અધિકારી સામે અધૂરી અને ગેરમાર્ગે દોરનારી સ્પષ્ટ વિગતો રજૂ કરેલ નથી. (૨) મે સુમનપાના સાતેય ઝોનના શહેર વિકાસ વિભાગ પાસે માહિતી માંગેલ પરંતુ વરાછાઝોન તેમજ અઠવાઝોન તરફથી માહિતી મળેલ નથી. અપીલમાં અરજદારે વરાછાઝોન અઠવાઝોન તરફથી માહિતી મળેલ નથી. તેવું જણાવેલ છે પરંતુ તે અંગે વરાછાઝોન તરફથી આરટીઆઈ/આ.નં.૭૧ તા.૨–૬–૧૧ થી માહિતી આપેલ છે. પત્ર નં.ઈ.ઝેડ/ (૩) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં સેન્ટ્રલઝોન , કતારગામઝોન, રાંદેરઝોન, ઉધનાઝોન, લીંબાયતઝોન તરફથી માહિતી મળેલ છે જે સુમનપા તરફથી ચોખ્ખું જણાવેલ નથી કે આર્કીટેકટે એન્જી.દેવેન્દ્ર રંગરેજે કેટલા પ્લાન મંજુર કરવ્યા તેમજ વિજય પાસવાળાએ કુલ્લે કેટલા પ્લાન મંજુર કરાવ્યા તે ચોખ્ખી સંખ્યા અલગ અલગ જણાવવામાં આવેલ નથી જેની નોંધ લેવી. અપીલમાં જણાવેલા મુદ્દામાં ઉધનાઝોન તરફથી બંને પૈકી શ્રી વિજયભાઈ પાસવાળાની માહિતી હોવાનું જણાવેલ છે. જયારે કતારગામઝોન તરફથી બંનેની માહિતી અલગ અલગ પેરામાં સ્પષ્ટપણે જણાવેલ છે. જયારે લીંબાયતઝોનની માહિતીમાં કોઈ પ્લાન મંજુર થયેલ કે બીયુસી અપાયેલ નથી તેવું જણાવેલ છે. જયારે રાંદેરઝોન તરફથી સંયુકત માહિતી આપેલ છે જે મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અપાયેલ છે. (૪) સુમનપાના શહેર વિકાસ વિભાગે પ્લાન મંજુર કરાવી બાંધકામ કરવાનું હોય છે બાંધકામ થઈ ગયા બાદ વસવાટની પરવાનગી ફરજીયાત લેવાની હોય છે પરંતુ આર્કીટેકટ દેવેન્દ્ર રંગરેજ તેમજ વિજય પાસવાલાએ ૧૦ વર્ષમાં મંજુર કરાવેલ પ્લાન બાંધકામ થઈ ગયા બાદ ૯૫% બાંધકામમાં સુમનપા પાસે વસવાટની પરવાનગી લીધેલ નથી તેમ છતાં બંને આર્કીટેકટ ઉપર સુમનપાએ કોઈ જ કાર્યવાહી આજ દિન સુધી કરેલ નથી અને આજે પણ બંને આર્કીટેકટના પ્લાનો સુમનપામાં મંજુર કરે છે શા માટે. અરજદારે અપીલમાં પત્ર નંબર આધાર તરીકે જણાવેલ છે પણ પુરાવા તરીકે રજૂ કરેલ નથી તેમજ મુળ અરજીની અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૫) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન સુમનપા તરફથી સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૧ તા.૬–૫–૧૧ ના પત્રમાં જણાવેલ છે કે આર્કીટેકટ એન્જી. તેમજ સુપરવીઝન કર્મચારી બંને જવાબદારી આવે છે તેવું જણાવેલ. મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૬) બંને આર્કીટેકટ એન્જીયરે બાંધકામ થઈ ગયા બાદ વસવાટની પરવાનગી ન લેવામાં આવી મતલબ બે બંને આર્કીટેકટ એન્જીનીયરે જે પ્લાન સુમપા પાસે મંજુરો કરાવેલ તે મંજુર પ્લાનો કરતાં વધારાનું બાંધકામ કરવામાં આવેલ. જેના કારણે વસવાટની પરવાનગી લેવામાં આવેલ નથી તેમ છતાં સુમનપા તરફથી બંને આર્કીટેકટ ઉપર તેમજ કર્મચારી ઉપર કાર્યવાહી કરવાની જવાબદારી સુમનપાની આવતી હોવા છતાં કાર્યવાહી કરવામાં ન આવી શા માટે? મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૭) સુમનપાના હદવાળા વિસ્તારમાં બાંધકામ કરવા માટે બાંધકામ કરનારે આર્કીટેકટ એન્જીનીયર પાસે પ્લાન બનાવડાવીને મંજુરી માટે સુમનપામાં રજૂ કરવાનું હોય છે તે મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવાનું હોય છે જે બાંધકામ થઈ ગયા બાદ વસવાટની પરવાનગી ફરજીયાત લેવાની હોય છે પરંતુ આર્કટેકટ એન્જીનીયરે બાંધકામ ખોટું કરેલ હોય એટલે વસવાટની પરવાનગી લેતા નથી અને સુમનપાના શહેર વિકાસના અધિકારી કર્મચારીને જાણ હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરતા નથી જે તેની જવાબદારી હોવા છતાં આંખ આડા કાન કરે છે. મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. વધુમાં ધારણા આધારિત રજૂઆત કરેલ જણાય છે.

આમ તમામ ઝોન તરફથી અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પડાયેલ છે. જયારે મધ્યસ્થ શહેર વિકાસ તરફથી અરજદારને સદરહુ વિગતે પત્ર નં.ટીડીઓ/પર તા.૧૬–૫–૧૧ થી ઈન્સ્પેકશન કરી જવા પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફથી તે મેળવેલ છે કે કેમ તેવી કોઈ વિગતો જણાવેલ નથી. જયારે અરજદારે અપીલના આધારના મુદ્દા નં. ૪ થી ૭ માં અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

અઠવાઝોન તરફથી રજૂ કરેલ પૂરક માહિતીમાં આર્કી. શ્રી દેવેન્દ્ર રંગરેજના અઠવાઝોન ખાતે મળેલ પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/ઈન./૮૩ તા.૪–૫–૧૧ થી બાંધકામ મંજુર બાંધકામ નું ડ્રોઈંગ ટેકનીકલ બાબતો વિગેરે હકીકતો ગ્રાહક વચ્ચેની ખાનગી હોવાનું જણાવી તેનો દુર ઉપયોગ થવાની શકયતા છે તથા મંજુર પ્લાન /રજાચિઠ્ઠી અને બીજી ટેકનીકલ વિગતો હિત સમાયેલ ન હોય તેવી વ્યકિતઓને નહીં આપવાનું જણાવેલ છે જે અંગેની નકલ સેન્ટ્રલઝોન, રાંદેરઝોન, વરાછાઝોન, અઠવાઝોન, કતારગામઝોન તથા મધ્યસ્થ શહેર વિકાસને આપવામાં આવેલ છે. જે

અંગેની નકલ વરાછાઝોનની પૂરક માહિતીમાં પણ રજૂ થયેલ છે. તેમજ કતારગામઝોન તરફથી પણ રજૂ કરેલ છે. પરંતુ કાયદાની જોગવાઈઓ અનુસાર મંજુર થયેલ પ્લાન અને રજાચિઠ્ઠીની વિગતો બાંધકામના સ્થળે પ્રસિધ્ધ કે ડીસ્પ્લે કરવાની રહે છે. તેથી આવી વિગતો ખાનગી ગણી શકાય નહીં. તેથી આર્કી.નો વાંધો ગ્રાહય રાખવા પાત્ર ઠરે નહીં. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે પ્લાન કે ડ્રોઈંગ જેવી કોઈ નકલો માંગ્યાનું મુળ અરજીમાં સ્પષ્ટ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૪–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી તમામઝોન તરફથી કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ વિગતે પૂરી પડાયેલ હોઈ માહિતી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેટલા પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસની માહિતી બાબતે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૪ થી ૭ ના પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈના નિયમ અને જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન),....જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ એમ. પટેલ ,